૨૪, ફેબ્રુઆરી ૨૦૨૩

# રીન્યુએબલ એનર્જી માટે અલગ વિભાગની વ્યવસ્થા કરવા પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. સમક્ષ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆત...

હાલમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા રીન્યુએબલ એનર્જી માટે વિવિધ પ્રકારની સ્કીમોમાં MSME ને પ્રોત્સાહીત કરવા માટે સતત કામગીરી કરતી રહી છે. જેના અનુસંધાને મોટાભાગના MSME દ્વારા પોતાના માટે કેપ્ટીવ, થર્ડ પાર્ટી, રૂફ ટોપ સોલાર, વિન્ડ સોલાર હાઈબ્રીડની સ્કીમનો લાભ બહોળા પ્રમાણમાં લઈ રહયા છે ત્યારે ગુજરાત લેવલે અન્ય ડિસ્કોમની સાપેક્ષ વિજ ગ્રાહકોની સંખ્યા ખૂબ જ મોટી હોય. જે પૈકીના ઘણા ગ્રાહકો સરકારશ્રીને વિવિધ યોજનાઓનો લાભ લઈ રહયા હોય અને ત્યારે PGVCL માં મોટાપ્રકાણમાં આ અંગે અરજીઓ થતી હોય છે.

હાલના સમયમાં વિજળીની જરૂરીયાત પહોંચી વળવા માટે આ ઉદ્યોગ ઉપર ભાર મુકવોએ ખુબ જ જરૂરી છે. તે આજની માંગ છે. આપના કાર્યક્ષેત્ર નીચે આવતા પી.જી.વી.સી.એલ. વિસ્તારના સોલાર, વિન્ડ હાઈબ્રીડના પ્લાન્ટ ધારકો તેમજ તેને લગતા તમામ બાબતોની કામગીરી સંભાળતા વિભાગ પાસે ખૂબજ ભારણના હિસાબે. હાલની રૂટીન કામગીરી જેવી કે નવું રજીસ્ટ્રેશન, સાઈટ સર્વે, કવોર્ટેશન, MOU, એગ્રીમેન્ટ, વિલીંગ એગ્રીમેન્ટ, મટીરીયલ મંજુરી તેમજ મિટર માટેના સીરીયલ નંબર મેળવવા. તથા ઓપન એકસેસના લગતા એગ્રીમેન્ટની કામગીરીમાં આશરે એકાદ વર્ષ જેટલો સમય જાય છે. તેમજ હયાત સોલાર વિન્ડ હાઈડ્રોના ચાલુ ગ્રાહકોના કનેકશનના રીડીંગનું વેરીફીકેશન સમયસર થતુ નથી. જેથી આ માટે વેપાર–ઉદ્યોગની આજની માંગને ધ્યાનમાં લઈને હાલ રીન્યુએબલ એનર્જીની કામગીરી માટે અલગ સેલ બનાવવાની જરૂરીયાત છે. સોલાર વિન્ડ હાઈબ્રીડ ના નવા પ્રોજેકટમાં હાલ ખૂબજ લેંધી પ્રોસેસ અને સ્ટાફ ના અભાવના કારણે MSME ઉદ્યોગોને પોલીસીના લાભથી વંચિત રહી જાય છે. અને લોનમાં વ્યાજનું ભારણ ખૂબજ વધી જાય છે. અન્ય ડિસ્કોમમાં રીન્યુએબલ એનર્જી માટે અલગ સેલની વ્યવસ્થા છે. તો આ માટે અલગ વિભાગની વ્યવસ્થા કરવા રાજકોટ ચેમ્બર દ્વારા પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. સમક્ષ રજુઆત કરવામાં આવી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.